
ગાંધીનગર સમાચાર


## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જો આ પણ એક 'પાટીદાર' હતા... અને તે જમાનામાં એકતા માટે કામ કરતા હતા...!!!

# શહેરના કડીયાનાકાનું સરનામું બદલાશે

ગાંધીનગર તા.૩૧

શહેરના ઘ-૨ વિસ્તારમાં સ્થિત શહેરના એક માત્ર કડીયનાકાનું સરનામું બદલાશે. કડીયાનાકું ટુંક સમયમાં આ જગ્યાએથી દેખાતુ અદ્રશય થઈ જશે. આ ખાલી પડેલા પ્લોટમાં આજથી નવિન બિલ્ડીંગ બનવા માટેના કામનો પ્રારંભ થયો છે. શાકમાર્કેટ તેમજ કડીયાનાકા ખાતે ઉભા રહેતા હજ્જારો કારીગરોઅને શાકના વેપારીઓને અન્યત્ર સ્થળે શિફટ થવુંપડશે. આગામી સમયમાં આ પ્લોટ પર અધ્યતન નવિન બિલ્ડીંગ ઉભુ થશે. નગરજનોની અવરજવર વધતા આ ઘ-૨ વિસ્તારમાં ભરચક બની રહેશે. સેકટરના વસાહતીઓની વર્ષોજુની કડીયાનાકું હટાવવાની માગ હતી. પરંતુ હવે કડીયાનાકાનું સરનામું બદલાતા વસાહતીઓ પણ રાહતનો શ્વાસ લેશે.

## કડીયાનાકા અને શાકમાર્કેટના વેપારીઓને અન્યત્ર જગ્યા શોધી પડશે

શહેરમાં ખાલી પડેલા કિંમતી સરકારી પ્લોટોની તાજેતરમાં સરકારી તંત્ર દ્વારા હરાજી કરવામાં આવી હતી. શહેરની વચ્ચોવચ આવેલા સોનાની લગડી સમાન પ્લોટોથી તંત્રને કરોડો રુપીયાની કમાણી થઈ છે. ત્યારે નગરના ઘ-૨ પાસેના વિસ્તારમાં આવેલા પ્લોટ પર અધ્યતન બિલ્ડીંગ બનાવવા માટેના કામની શરુઆત થઈ ગઈ છે. પરંતુ વર્ષોથી ખાલી પડેલા સરકારી પ્લોટ પર કડીયાનાકું ભરાય છે. સવારે મોટી સંખ્યામાં લોકો હાજર રહેતા મેળા જેવો માહોલ સર્જાય છે. અહી નગરવાસીઓને પ્લમ્બર, વાયરમેન, કડીયા, મજુર, રેતી, સહિત બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા લોકો હાજર સ્ટોકમાં મળી રહે છે. નગરજનો પણ જયારે તેમને કારીગરોની જરુર હોય ત્યારે અહીં આવીને લઈ જતા હતા. એકજ સ્થળેથી કારીગરો મળતા નગરજનોને પણ સરળતા રહે છે.

વધુમાં આ જગ્યામાં સવારે કડીયાનાકું તેમજ સાંજે શાકમાર્કેટ ભરાય છે. શાકભાજીના વેપારીઓ લારીઓ લઈને મોટીસંખ્યામાં અહી ઉભા રહે છે. આસપાસના સેકટરોના વસાહતીઓ સાંજે શાક ખરીદવા માટે અહીં આવે છે. પરંતુ ઘ-૨ વિસ્તારમાંથી કડીયાનાકુંતેમજ શાકભા તેમજશાકભાજી શશાક માર્કેટ બન્નેનું સરનામું આગામી સમયમાં બદલાશે. જયારે સવારે કારીગરો શોધવા તેમજ સાંજે શાકભાજી ખરીદવા આવતા નગરજનોને પણ નવા સરનામે જવુ પડશે. ઘ-૨ વિસ્તારમાં નવા અધ્યતન બિલ્ડીંગ બનતા નવો માહોલ સર્જાશે. આ વિસ્તાર નગરજનોની અવરજવરથી ભરચક બની રહેશે. ત્યારે આસપાસના સેકટરવાસીઓની વર્ષો જુની કડીયાનાકું હટાવવાની માંગ હતી. પરંતુ કડીયાનાકું સરનામું બદલાતા વસાહતીઓ પણ હવે રાહતનો શ્વાસ લે તેવું લાગી રહ્યું છે.



## ખૂણે ખાંચરેથી...

● આજે વહેલી સવારે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના અનાવરણના યોજાયેલા કાર્યક્રમને અંતે બાળકોને દૂધ-બિસ્કીટનો નાસ્તો અપાયો હતો.

● આ પ્રસંગે સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમ રજુ કરનાર તેમજ સરદારની વેશભૂષા સાથે જોડાયેલા ૨૦૦ બાળકોનું મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે વિશેષ અભિવાદન કર્યુંહતું.

● અમદાવાદ કોર્પો.ની સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી જયંતિભાઈ પરમારના બે પુસ્તકોનું આજે અમદાવાદમાં વિમોચન થનાર છે.

● હિલવુડ સ્કૂલમાં આજે કલાકૃતિ-૨૦૧૫ અંતર્ગત આંતર સ્કૂલ સ્પર્ધા યોજાઈ હતી.

● શહેરના મેલેરિયા તંત્રએ આજે સે. ૨૮માં સર્વેલન્સની કામગીરી દરમ્યાન ૧૭૬૦ આવાસોને આવરી લઈ ૨૪૦૦થી વધુ પાત્રોની ચકાસણી કરતાં ૩૧ જગ્યાએથી મચ્છરોના બ્રિડીંગ મળતાં એન્ટી લારવેલની કામગીરી કરી હતી.

● કલેકટર કચેરીમાં ચીટનીસ તરીકેની ફરજો બજાવતા શ્રી ખોખરીયાની બહેચરાજી મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે. ચૂંટણીની કામગીરી માટે જ આ બદલી કરાઈ છે.

# ૭ મનપા માટે ભાજપના ઉમેદવારોની પસંદગી સંપન્ન

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ મહાનગર પાલિકાની ચુંટણીને લઈને ભારે તૈયારીઓ ભાજપ અને કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહી છે. પસંદગી પ્રક્રિયાના મામલામાં ભાજપે બાજી મારી લીધી હોવાના અહેવાલ મળી રહ્યા છે. કોંગ્રેસ કરતા પહેલા ભાજપે ૭ મહાનગરપાલિકાના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પુરી કરી લીધી છે. જેમાં અમદાવાદ મહાનગરપાલિકાના ઉમેદવારોની પસંદગી પણ કરી લેવામાં આવી છે. ટૂંકમાં જ નામોની જાહેરાત થઈ શકે છે.ભારતીય જનતા પાર્ટી દ્વારા ગાંધીનગર ખાતે છેલ્લાં ત્રણ દિવસથી હાથ ધરાયેલી મહાનગરપાલિકાઓનાં ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા ગઈ મોડી રાત્રે પરિપૂર્ણ થઈ હતી. ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની ત્રણ દિવસીય બેઠકમાં ગઈકાલે છેલ્લાં તબક્કામાં જામનગર અને અમદાવાદ મહાનગરપાલિકાનાં ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં અમદાવાદનાં ૧૯૨ ઉમેદવારોની પસંદગીમાં ભારે મડાગાંઠ સર્જાઈ હતી. જે મોડી રાત સુદી ચાલુ રહી હતી છેવટે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પર આખરી મહોર મારવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ ગઈકાલની બેઠકમાં સવારે જામનગરનાં ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મોડી સાંજે અમદાવાદ જેવાં મહત્વના શહેરનાં ઉમેદવારોની પસંદગી હાથ ધરાઈ હતી. જેમાં લગભગ ૪૫ ટકા વર્તમાન કોર્પોરેટરોને પડતા મૂકવા તથા મોટાભાગની બેઠકો પર નવા ચહેરાઓને સ્થાન આપવાનો નિર્ણય લેવાયો હતો. નવા સીમાંકન પ્રમાણે દરેક બેઠક પર ચાર-ચાર કોર્પોરેટરો હોવાથી નવા કોર્પોરેટરોને પૂરતું માર્ગદર્શન મળી રહે તે માટે દરેક વોર્ડમાં એક-એક સિનીયર કોર્પોરેટર યથાવત રાખી મોટાભાગની બેઠકો પર બાકીનાં ત્રણ નવા ચહેરાની પસંદગી કરાઈ હતી. જોકે આ સમગ્ર પ્રક્રિયામાં છેલ્લી ઘડીનાં ફેરફારને પણ અવકાશ રહે છે તેમ સુત્રોએ જણાવ્યું હતું સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, નવા ઉમેદવારોની પસંદગીમાં ભાજપ માટે વર્ષોથી મહેનત કરનાર પ્રામાણિક કાર્યકર, સંઘના કાર્યકર, ડોકટર, સંડોવાયેલા,પાટીદાર આંદોલનને ટેકો આપનારાં તેમજ વિવાદાસ્પદ કોર્પોરેટરોને નવી ટીમમાંથી દુર રખાશે તેમ પણ જાણવા મળે છે. સમગ્ર પ્રક્રિયામાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો હાથ ઉંચો રહ્યો હોવાનું પણ જાણવા મળે છે.



પુષ્પાંજલિ : લોખંડી પુરુખ સરદાર સાહેબની જન્મજયંતિએ વિધાનસભા સંકુલમાં સરદાર સાહેબની પ્રતિમા પર મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે પુષ્પાંજલિ અર્પણ કરી હતી તે પ્રસંગની તસવીરમાં વિધાનસભા અધ્યક્ષ ગણપતભાઈ વસાવા, ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, શહેર ભાજપ પ્રમુખ નીતિનભાઈ પટેલ તથા પાટીદાર સમાજના અગ્રણીઓ વિક્રમભાઈ પટેલ, કુંવરજીભાઈ પટેલ, ઉરેનભાઈ પટેલ નજરે પડે છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક તા. ૨ નવેમ્બરને સોમવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે મળશે. બેઠકમાં સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ દ્વારા ગાંધીનગરની આવતીકાલ મારી નજરે વિષય ઉપર વ્યાખ્યાન આપવામાં આવશે. શહેર જાગૃત નાગરિક પરિષદના પદાધિકારીઓ, કારોબારી સભ્યો તેમજ નગરના જાગૃત નાગરિકોને બેઠકમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના ઉપપ્રમુખ રાજેન્દ્ર પારેખે અનુરોધ કર્યો છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીથી સરકારી કર્મચારીઓની અનેક વેકેશન ટુર રદ

ગાંધીનગર, તા. ૩૧

સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત થયા બાદ સરકારી કર્મચારીઓ અને કર્મચારીઓના મીની દિવાળી વેકેશન પ્લાન ઉપર પાણી ફરી વળ્યું છે.

ગાંધીનગર સહિત રાજ્યની અનેક કચેરીમાં નોકરી કરતા કર્મચારી-અધિકારીઓ દિવાળીની રજાઓમાં પરિવારજનો સાથે મોજ મસ્તી કરવા અનેક પ્લાન બનાવ્યા હતા. પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની કામગીરીમાં કામનું ભારણ તેમજ રજાઓની અછતને પગલે કર્મચારીઓએ તમામ વેકેશન પ્લાન રદ કરી સાથોસાથ દિવાળી ટુર માટેનું બુકીંગ પણ રદ કરાવી રહ્યા છે.

ગુજરાત રાજ્યમાં દિવાળી ઉત્સવને લોકો ભારે ઉત્સવ સાથે ઉજવે છે. રાજ્યમાં વાઘબારસથી લાભ પાંચમ દરમ્યાન ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, નૂનત વર્ષ, ભાઈબીજ, ત્રીજ અને ચોથ એક સાથે આવતા હોવાથી કર્મચારીઓ મોટી સંખ્યામાં કામકાજમાં રજાઓ મુકી મીની વેકેશનના અનેક પ્લાન બનાવે છે. અને ગુજરાત સહિત અનેક પ્રદેશોમાં આવેલા પ્રવાસન સ્થળે પ્રવાસ ગોઠવાતા હોય છે. પરંતુ વર્તમાન સમયમાં દિવાળીના મહા ઉત્સવની સાથે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થઈ છે. આગામી ચૂંટણીમાં સરકારી અધિકારીઓને ફરજ પર નિયુક્ત કરવામાં આવનાર છે. આ કર્મચારીઓને બે થી ત્રણ દિવસની ટ્રેનિંગની પણ જરૂર પડતી હોય છે.

ઉપરાંત પોલીસતંત્રના પણ અસંખ્ય કર્મચારીઓને ફરજ સોંપવામાં આવનાર છે. ત્યારે કર્મચારી-અધિકારીઓએ અગાઉ દિવાળી વેકેશન માટે કરેલ ટુર પ્રોજેક્ટ પ્રવાસન યોજનામાં આશરે ૪૫ ટકા બુકીંગ રદ કરી દેવાની ફરજ પડી રહી છે અને સાથે સાથે રિફંડ પોલીસીની પણ વાત કરી રહ્યા છે. મોટી સંખ્યામાં લોકો બુકિંગ રદ કરવાના નિયમોના સંદર્ભમાં પુછપરછ કરી રહ્યા છે. કુલ બુકીંગ પૈકી ૭૦ ટકા બુકિંગ સરકારી કર્મચારીઓ કરાવી ચુક્યા હતા. પરંતુ ચૂટણીઓ તહેવારોમાં આવતા બુકીંગ રદ કરવામાં વધારો થઈ રહ્યો છે. બીજી બાજુ રાજકીય નેતાઓએ પણ પોતાના પ્રવાસન રદ કરવામાં આવ્યા છે.

# શહેરમાં દિવાળી માટે માટીના કોડીયાનું આગમન

ગાંધીનગર તા.૩૧

દિવાળી પર્વમાં દિવડા પ્રગટાવાનો અનોખો મહિમા પરંપરાગત રીતે ચાલ્યો આવે છે. અત્યારના હાઈટેક યુગમાં નગરજનો પોતાના ઘરો પર આકર્ષક લાઈટીંગ કરે છે. નગરમાં તહેવારના સમયે લાઈટીંગ આકર્ષનું કેન્દ્ર પણ બને છે. છતા પણ નગરજનોમાં દિવાળીના તહેવારમાં દિવડા પ્રગટાવવાની પ્રથા આજે પણ યથાવત છે. જેને લઈ નગરના બજારોમાં વિવિધ પ્રકારના દિવડાઓનું આગમન થઈ ચુક્યું છે. બજારમાં વિવિધ વેરાયટીના અલગ અલગ સાઈઝના રુ.૫ થી લઈ ૩૦૦ સુધીના દિવડા ઉપલબ્ધ છે. નગરજનોમાં રંગબેરંગી દિવડા ખરીદવાનો ક્રેઝ વધુ જોવા મળે છે.

અંધકાર ઉલેચવાના આ પર્વમાં દિવડા પ્રગટાવાનો અનેરો મહિમા હોય છે. રંગબેરંગી રોશનીની વચ્ચે દિવડાઓના દિવ્ય પ્રકાશથી દિપાવલીનું પર્વ જગમગી ઉઠે છે. દિવડાઓની જયોતથી નગર તેજોમય બને છે. દિપાવલીના પર્વને ગણતરીના દિવસો બાકી છે. ત્યારે દિવડાઓની અવનવી વેરાયટીઓનું વેચાણ થઈ રહ્યું છે. બજારમાં અત્યારે હાલના સમયે સ્ટેન્ડવાળા, ત્રણ,ચાર,પાંચ, દિવેટવાળા દિવડા,માટીના સાદા,તેમજ કલરફુલ દિવડા, છત પર ટીંગાડવાના દિવડા, મીણવાળા, બાઉલ,ગ્લાસમાં તરતા રહે તેવા, તેમજ આખી રાત પ્રગટી રહે તે સહિત સિરામીક, એલ.ઈ.ડી.વાળા દિવડા સહિત માર્કેટમાં દિવડા નજરે પડે છે. બજારમાં રુ.૫ થી લઈ ૩૦૦ સુધીના દિવડાઓનું વેચાણ થઈ રહ્યું છે.

બજારમાં માટીના ડઝન દિવડાનો ભાવ રુ ૩૦ છે. જયારે બજારમાં કલરફુલ દિવડા ખરીદ કરતા નગરજનો વધુ જોવા મળે છે. દિપાવલી પર્વ નિમિતે નગરમાં ઘરો ઉપર વિવિધ લાઈટની સિરીઝા લગાડવામાં આવે છે. છતા પણ દિવડા પરંપરાગત રીતે પ્રગટાવવામાં આવે છે. દિવડાની સુંદર સજાવટથી શહેરના રહેણાંક મકાનો જગમગી ઉઠશે. ટુંકમાં અત્યારના હાઈટેક જમાનામાં પણ દિવડાઓનું સ્થાન યથાવત છે.





# અમદાવાદમાં સરદાર પટેલની જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૩૧

અખંડ ભારતના ઘડવૈયા લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે લાયન્સ કલબ ઓફ અમદાવાદ જોધપુર હોલ, આવકાર, નરોડા સેન્ટ્રલ નારણપુરા તથા શ્રીજી બાવા ટ્રાવેલ્સ તરફથી સરદાર પટેલ કોલોની, નારણપુરા ખાતે સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ, ફ્રી આઈ ચેક-અપ, ફ્રી કેકો સર્જરી દ્વારા મોતિયાના ઓપરેશન કેમ્પ, ફ્રી ડેન્ટલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય સરકારના આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીનનાં હસ્તે મંગળદીપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. લાયન ડીસ્ટ્રીના વાઈસ ડીસ્ટ્રી ગવર્નર ડૉ. યોગેશ દવે, પૂર્વ કોર્પોરેટર આર.સી. પટેલ, પૂર્વ નેતા મ્યુ.કા. ગૌતમ શાહ, મ્યુ. કાઉ. રાકેશભાઈ પરીખ તથા શ્રીમતી સાધનાબેન જોષી આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મેડીકલ કેમ્પનાં ઉદ્‌ઘાટન બાદ આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિભાઈ અમીને સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર કર્યા હતા. અને મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકો દ્વારા 'સરદાર પટેલ અમર રહો' અને 'ભારત દેશનાં ઘડવૈયા અમર રહો'ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. શ્રીજી ટ્રાવેલ્સના મિલન મોદી દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ભાજપની બેઠકોનો ધમધમાટ યથાવત

અમદાવાદ, તા.૩૧

સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીને લઈને ભાજપની ચુંટણીલક્ષી બેઠકોનો ધમધમાટ જારી રહ્યો છે. ચુંટણી વ્યવસ્થા અંગેની બેઠકમાં જુદી જુદી જવાબદારી પણ સોંપવામાં આવી હતી. ચુંટણીના પ્રદેશના મુખ્ય વ્યવસ્થાપક તરીકે પ્રદેશ ઉપાધ્યક્ષ જાડેજા, કૌશિક પટેલ અને સુરેન્દ્ર પટેલને જવાબદારી સોંપાઈ હતી. પ્રદેશ મીડિયા સેલે અખબાર યાદીમાં જણાવ્યું છે કે, આજ રોજ ચુંટણી લીગલ સેલ, ચુંટણી વ્યવસ્થા સેલ તેમજ લીગલ સેલની એક સંયુક્ત બેઠક રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરસોત્તમ રૂપાલા, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ ઉપાધ્યક્ષ આઈકે જાડેજા તેમજ પ્રદેશ વિવિધ સેલના સંયોજક ડો.અનિલભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. બેઠકના પ્રારંભમાં પ્રદેશ ઉપાધ્યક્ષ અને સ્થાનિક સ્વરાજયની ચુંટણી વ્યવસ્થાના પ્રદેશ સંયોજક આઈકે જાડેજાએ તાલુકા, જીલ્લા અને મહાનગરોમાંથી ઉપસ્થિત લીગલ તેમજ ચુંટણી વ્યવસ્થા સેલના પ્રતિનિધિઓને જણાવ્યું હતું કે, અત્યાર સુધીની લોકસભા-વિધાનસભાની ચુંટણીઓમાં આપ સૌની કામગીરી પ્રશંસનીય રહી છે. આ વખતે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ઉમેદવારોની સંખ્યા વધુ હોવાથી તેમજ એક સાથે ચુંટણી પ્રક્રિયા હોવાથી ચીવટથી કાર્ય લીગલે સેલે કરવાનું રહેશે.

# આજે ટોરીડસ ઉલ્કા વર્ષાનો અવકાશી નજારો

ગાંધીનગર, તા. ૩૧

દુનિયામાં ઉલ્કાવર્ષાની મોસમનો પ્રારંભ થઈ ચૂક્યો છે. લોકોએ ઓક્ટોબરમાં ડેક્રોનીડ્સ અને ઓરીયોનીડ્સ અવકાશી ઉલ્કાવર્ષાનો અદ્‌ભુત આનંદ લૂંટ્યો છે. વિશ્વમાં તા. ૧-૨-નવેમ્બર ટોરીડસ ઉલ્કાવર્ષા સ્વચ્છ આકાશમાં જોઈ શકાશે. ભારતના લોકો તા. ૧ નવેમ્બરે મહત્તમ ઉલ્કાવર્ષા પ્રતિ કલાક ૫૦થી ૧૦૦ ઉલ્કા આકાશમાં આતશબાજીની જેમ નજરે પડશે.

## રાત્રિના ૧.૩૦ થી વહેલી પરોઢે નિહાળવાનો શ્રેષ્ઠ સમય : કલાકની ૧૫થી ૫૦ ઉલ્કાઓ સ્પષ્ટ જોવા મળશે

દુનિયાભરમાં દર વર્ષે તા. ૧-૨ નવેમ્બરે ટોરીડસ ઉલ્કાવર્ષા આકાશમાં સ્પષ્ટ અદ્‌ભૂત જોવા મળે છે. દેશ-વિદેશમાં કલાકના ૧૫ થી ૫૦ અને વધુમાં વધુ ૧૦૦ થી ઉપર ઉલ્કાવર્ષા દિવાળીની આતશબાજીના દશ્યો જેવી અવકાશમાં જોવા મળે છે. અવકાશી અજ્ઞાનતાના કારણે આકાશમાં અગ્નિના બિહામણા દશ્યો જોઈ અમુક લોકો અચંબા સાથે હોનારત જેવો ભય અનુભવે છે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળે છે.

ટોરીડસ ઉલ્કાવર્ષાનો વરસાદ મહત્તમ તા. ૧-૨ નવેમ્બરે અવકાશમાં જોવા મળે છે. નરી આંખે નિર્જન જગ્યાએ સ્પષ્ટ આકાશમાં જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૧૫ વખત ઉલ્કાવર્ષા અવકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે અને તેમાંથી વિસર્જીત થયેલ પદાર્થ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે.